શખ્સે બિલ્ડરને અગાઉ ફોન કરી બાંધકામ શરૂ રાખવું હોય તો નાણાં આપવા પડશે તેમ કહી ધમકી આપી હતી, ૧૦ દિવસ બાદ ઘટનાનું પૂનરાવર્તન

૧૦ દિવસ બાદ ખંડણીખોરે ફરી બિલ્ડરના ઘર પર પથ્થરમારો કર્યો, ૨૮ લાખની ખંડણી માંગી

● બોટાદ, તા.૨

મધ્યરાત્રિએ શખ્સે તેના ત્રણ સાગરિત સાથે આવી બિલ્ડરના ઘર પર પથ્થરમારો કર્યો : અગાઉ નાણાં માંગ્યાના મામલે ફરિયાદ કેમ કરી કહીને બિલ્ડરને ધમકી આપી, સીસીટીવી તોડયા

ભાવનગર : ભાવનગર બાદ બોટાદમાં પણ ગુંડાગર્દી ફુલી ફાલી હોય અને ગુન્હેગારોને જાણે કે કાયદાનો ડર જ ન હોય તેમ બોટાદના બિલ્ડરને તેનું બાંધકામનું કામ ચાલું રાખવું હોય તો પૈસા દેવા પડશે તેવી ધમકી આપી તેમના ઘર પર પથ્થરમારો કરનાર મુખ્ય સૂત્રધાર સહિતના ચાર શખ્સોએ ૧૦ દિવસ બાદ ગત મધ્યરાત્રિએ ફરી બિલ્ડરના ઘર પથ્થરમારો કર્યો હતો. અને ૨૮ લાખની ખંડણી માંગી ઘરની બહાર મુકેલાં સીસીટીવી કેમેરા તોડી નાંખ્યા હતા. બનાવ અંગે બિલ્ડરે ૧૦ દિવસમાં ફરી વખત ચાર શખ્સો સામ બોટાદ પોલીસ સ્ટેશનમાં ધમકી આપી, નુકશાન કર્યાની તથા ખંડણી માંગ્યાની ફરિયાદ નોંધાવી છે.

બોટાદ શહેર અને જિલ્લામાં ચકચાર મચાવતાં બનાવની વિગત એવી છે કે, બોટાદના પાળિયાદ રોડ ખાતે આવેલાં સંજય હોસ્પિટલ સામે સ્વસ્તિક સોસાયટી ખાતે રહેણાંક ધરાવતાં અને વ્યવસાયે બાંધકામ -કન્ટ્રકશનનો વ્યવસાય કરતા રાજનભાઈ હિતેશભાઈ ગોરેચા ગત તા.૩૦ ના રોજ રાત્રિના સુમારે બારેક કલાકે પોતાનું રોજિંદું કામ પતાવી ઘરે આવ્યા બાદ નિત્યક્રમ પ્રમાણે પોતાના ઘરે સુઈ ગયા હતા. તેવામાં રાત્રિના ૨:૧૫ કલાક આસપાસ એકાએક તેમના ઘરની બારીનો કાચ તૂટવાનો અવાજ આવતાં રાજનભાઈ તથા ઘરની નીચેના ભાગે સુઈ રહેલાં તેમના માતા,પિતા સહિતના પરિવારજનો એકાએક જાગી ગયા હતા. જયારે, ઘરની બહાર અવાજ આવતો કોઈના બોલવાનો અવાજ આવતો હોય રાજનભાઈ તેમના ઘરના ઘાબા પર ગયા હતા. જયાંથી નજર કરતાં તેમના ઘરની બહાર ચાર શખ્સો રોડ પર ઉભા હતા. જે પૈકી ત્રણ શખ્સે મોંઢા ઉપર રૂમાલ બાંધ્યો હતો. જયારે, અન્ય એક જાવદ જાકિરભાઈ કુરેશી હતો. જાવેદ તથા તેની સાથેના બીજા અજાણ્યા શખ્સ પાસે લોખંડનો પાઈપ હતો. આ તકે, ઘાબા પર રહેલાં રાજનભાઈને જોઈ જાવેદે મોટા અવાજે કહ્યું હતું કે,મેં તને અગાઉ પણ ફોન કરીને કહ્યું હતું કે તારે બાંધકામ શરૂ રાખવુ હોય તો મને રૂ.૨૮ લાખ આપવા પડશે. છતાં તે મારા ઉપર પોલીસ ફરિયાદ શા માટે કરી હતી?, તુ નીચે આવ આજે તને જીવતો રહેવા દેવાનો નહી તેમ કહી તેમને જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. આ પણ અધુરૂં હોય તેમ ઉક્ત શખ્સોએ રાજનભાઈના ઘરની દીવાલે આવેલાં બે સી.સી.ટી.વી.કેમેરાને પોતાના હાથમાં રહેલાં પાઈપ વતી તોડી નાખ્યા હતા.જોકે, રાજનભાઈ કે તેમનો પરિવાર કંઈ સમજે તે પૂર્વે રસ્તા પર ઉભેલાં ચારેય શખ્સોએ તેમના ઘર પર પથ્થરમારો કર્યો હતો.હુમલાખોરોએ મધ્યરાત્રિએ રાજનભાઈના ઘર પર પાઈપ તથા લોખંડના સળીયા તથા લાકડાના ટુકડાના છૂટા કરી દહેશતનો માહોલ સર્જયો હતો. જેના કારણે રાજનભાઈ અને તેમના માતા પિતા સહિતના પરિવારજનો ગભરાઈ ગયા હતા. આ વેળાએ તેમણે ગભરાઈને પોલીસ કંટ્રોલ રૂમના ૧૦૦ મા ફોન કરી પોલીસ મદદ માગતા ચારેય શખ્સ ઘર પાસેથી નાસી છૂટયા હતા.બનાવ અંગે બોટાદ પોલીસે બિલ્ડર રાજનભાઈ ગોરેચાની ફરિયાદના આધારે ઉક્ત ચારેય શખ્સો વિરૂદ્ધ રૂ.૨૮ લાખની ખંડણી માંગી ઘર પર પથ્થરમારો કરી, સીસીટીવીને નુકશાન કરી ફરિયાદીને જાનથી મારી નાંખવાની ધમકી આપ્યાની કલમ અન્વયે ગુન્હો નોંધી તપાસ હાથ ધરી છે.

દોઢ કરોડના ડ્રગ્સ સાથે ઝડપાયેલા બે મહિલા સહિત ૪ને ૧૪ દિવસ રિમાન્ડ

હોટલ સંચાલકનો પરિવાર ડ્રગ્સ પહોંચાડવા લાકડિયા આવતો હતો

● ગાંધીધામ, તા.૨

હરિયાણાથી કચ્છમાં કોકેઈન લઈ આવેલા બે મહિલા સહિત ૪ લોકોને આડેસર ચેકપોસ્ટ પાસેથી જ ૧.૪૭ કરોડના ડ્રગ્સ સાથે ઝડપી લેવામાં આવ્યા હતા. કારના બોનેટમાં છુપાવી અને કચ્છમાં ડિલિવરી દેવા આવેલા ઈસમોમાં લાકડિયા નજીક હાઈવે હોટલ પર છેલ્લા દસેક વર્ષોથી ડ્રગ્સ વેચતા મુખ્ય આરોપી સનીસિંઘની પત્ની, તેનો ભાઈ, ભાઈની પત્ની તથા સનીસિંઘનો સાગરિત હરિયાણાથી ખાસ ડ્રગ્સની ડિલિવરી દેવા જ આવ્યા હતા પરંતુ બાતમી સચોટ હોવાથી પોલીસે આરોપીઓને કચ્છમાં ઘૂસતાની સાથે જ ઝડપી લીધા હતા. આરોપીઓને કોર્ટમાં રજૂ કરતાં તેમના ૧૪ દિવસના રિમાન્ડ મંજૂર કરવામાં આવ્યા હતા.

ગુરુવારે સાંજે એસઓજી ની ટીમ અને લાકડીયા પોલીસ હાઈવે પર સંયુક્ત રીતે કચ્છમાં પ્રવેશી રહેલા વાહનોને ચેક કરતી હતી તે સમયે ભારત હોટલ પાસે મઢી ત્રણ રસ્તે હરિયાણા પાસિંગની એક ઈકો સ્પોર્ટ્સ કાર નજરે ચઢી હતી. કારમાં બે મહિલા અને બે પુરુષ સવાર હતા. દરમિયાન પોલીસને ચોક્કસ બાતમી હોવાથી પોલીસે કારનું બોનેટ ખોલાવી તલાશી લેતાં એર ફિલ્ટર નીચે પ્લાસ્ટિકની કોથળીમાં પેક કરેલાં ક્રીમ રંગના ગાંગડા મળી આવ્યાં હતાં. એફએસએલ તપાસ કરાવતા તે કોઈઈન હોવાનું જણાયું હતું. જેની કિમત ૧.૪૭ કરોડ આંકવામાં આવી હતી. આ બનાવમાં કાર હંકારી રહેલા હનિસિંઘ, મુખ્ય આરોપી સનીસિંઘની પત્ની સુમન ઊર્ફે જશપાલ કૌર, સન્ની સિંઘનો ભાઈ સંદિપસિંઘ અને સંદિપની પત્ની અર્શદીપકૌરને પોલીસે ઝડપી લીધા હતા.

પોલીસે ઝડપી લીધેલા આરોપીઓને કોર્ટમાં રજૂ કરતાં કોર્ટે તેમના ૧૪ દિવસના રિમાન્ડ મંજૂર કમર્યા હતા. પોલીસની હાલ તપાસ ચાલુ છે ત્યારે આ કેસની તપાસ કરી રહેલા સામખિયાળી પોલીસ સ્ટેશનના પી.આઈ. વી.કે. ગઢવી સાથે વાત કરતાં તેમણે જણાવ્યુ હતું કે, લાકડિયા નજીક સન્નીસિંઘ ઉર્ફે ગુલવંતસિંઘ હજુરાસિંઘ શીખ વર્ષોથી હોટેલનું સંચાલન કરે છે. જેમાં આજથી લગભગ છ મહિના પહેલા હનીસિંઘ કામ કરવા આવ્યો હતો અને લગભગ ૨-૩ મહિના સુધી કામ પણ કર્યું હતું. આ દરમિયાન બંનેની ઓળખાણ થઈ હતી અને ડ્રગ્સની હેરફેર કરવાનું શરૂ કર્યું હતું. હનીસિંઘ અને સનીસિંઘ બંને સાથે મળી ડ્રગ્સનો ધંધો કરે છે અને સનીસિંઘનો સંપૂર્ણ પરિવાર ડ્રગ્સની હેરફેરીમાં તેમનો સાથ આપે છે. હાલ વધુ તપાસ ચાલુ છે. રિમાન્ડ દરમિયાન હજુ વધુ વિગતો બહાર આવે તેવી શક્યતા હોવાનું પણ તેમણે જણાવ્યુ હતું. તો બીજી તરફ સૂત્રોએ એવું પણ જણાવ્યું હતું કે, સનીસિંઘ લગભગ દસેક વર્ષથી લાકડિયા નજીક હોટલ ચલાવે છે અને ડ્રગ્સ સહિત તમામ નશાની ચીજોનું અહી ખુલ્લેઆમ વેચાણ થાય છે છતાં હજુ સુધી બાહોશ કહેવાતી લાકડિયા પોલીસને આ બાબતની જાણ કેમ ન હતી તે બાબતે પણ અનેક પ્રશ્નો ઊભા થઈ રહ્યા છે.

ચાર દિવસમાં આ બીજો જીએસટી ચોરીનો ગુનો દાખલ થયો

GST કૌભાંડ: રાજકોટની ૩, જૂનાગઢની બે, ભાવનગર એક પેઢી સામે ફરિયાદ

● રાજકોટ ,તા.૨

રાજકોટમાં ૬૧.૩૮ લાખની જીએસટી ચોરી મામલે ક્રાઈમ બ્રાન્ચમાં મહેશ લાંગા હસ્તકની ૧૪ જેટલી પેઢીઓ સામે ફરિયાદ નોંધાઈ હતી. એ પછી ફરી સાત બોગસ પેઢીઓએ સાથે મળીને રૂપિયા ૭૯.૨૦ લાખની જીએસટીની ચોરી કરી અને કૌભાંડ સામે આવતા ક્રાઈમ બ્રાન્ચમાં વધુ એક ગુનો નોંધવામાં આવ્યો છે. જેમાં રાજકોટમાં ત્રણ, જૂનાગઢમાં બે અને અમદાવાદ તથા ભાવનગરમાં એક-એક પેઢી હોવાનું સામે આવ્યું છે.

આ સાતમાંથી બે પેઢી એવી છે જેના ઉપર ચાર દિવસમાં આ બીજો જીએસટી ચોરીનો ગુનો દાખલ થયો છે આ પેઢીઓએ માત્ર એક જ મહિનામાં ૨૦૧ જેટલા વ્યવહારો કર્યા હોવાનું સામે આવ્યું છે. હાલ આ મામલે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ રાજકોટ ડી.સી.બી. પોલીસ સ્ટેશનમાં સેન્ટ્રલ જીએસટી કચેરી રાજકોટના સુપ્રિટેન્ડેન્ટ જયપ્રકાશસિંહ રામચંદ્રસિહએ ૭૯.૨૦ લાખ રૂપિયાની જીએસટી ચોરી અંગે ફરિયાદ નોંધાવી છે.

જેમાં રાજકોટ ગોંડલ રોડ ઉપરમાં આશિષ કોમ્પ્લેક્ષમાં આવેલી શ્રી ક્રિષ્ના ટ્રેડીંગ પેઢી, રાજકોટ નંદી પાર્ક દર્શિત કોમ્પ્લેક્ષમાં આવેલી યેશ ડેવલોપર પેઢી, રાજકોટ સાધુ વાસવાણી રોડ પર ડેકોરા ઉત્સવમાં આવેલી આર કે એન્ટરપ્રાઈઝ, જૂનાગઢ ઝાંઝરડા ચોકડી પાસે ગાર્ડન આઈકોનમાં આવેલી બી જે ઓડેદરા પેઢી, જૂનાગઢના ટીંબાવાડી ગામે મોટી પેલેસમાં આવેલી ક્રીઝલ એન્ટરપ્રાઈઝ, ભાવનગર વાઘાવાડી રોડ પર શુરભી કોમ્પ્લેક્ષમાં આવેલી ઓન કન્સ્ટ્રકશન અને અમદાવાદ નંદવિહાર રેસીડેન્સીમાં આવેલ ડી એ એન્ટરપ્રાઈઝનો સમાવેશ થાય છે.ફરીયાદમાં જણાવવા મુજબ, અજાણી વ્યક્તિ દ્વારા શ્રી ક્રિષ્ના ટ્રેડીંગ નામે પેઢી બનાવી ખોટો ભાડા કરાર કરી ખરા તરીકે રાજકોટ સી.જી.એસ.ટી. ભવન રેસકોર્સ ઓફિસ સહિત ઓનલાઈન રજુ કરી ફેબ્રુઆરી ૨૦૨૩થી માર્ચ ૨૦૨૩ દરમિયાન બોગસ ઈનપુટ ટેક્સ મેળવવા માટે અન્ય છ પેઢીઓના સંચાલકો સાથે મળી કાવતરૂ રચી બનાવટી બિલિંગ, બોગસ દસ્તાવેજો અને ખોટી રજુઆતો દ્વારા ઈનપુટ ટેક્સ ક્રેડિટ મેળવવા સરકારને ૭૯.૨૦ લાખનું નુકશાન કર્યુ હતું.

આ પેઢીઓએ માત્ર એક જ મહિનામાં ૨૦૧ જેટલા વ્યવહારો કર્યા હોવાનું સામે આવ્યું છે. હાલ આ મામલે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે

નવા ગુરુદ્વારાની સામે જાહેર શૌચાલય પાછળથી

બે ચોરાઉ મોટર સાઈકલ સાથે બાઈક ચોર ઝડપાયો

● ભાવનગર, તા.૨

શહેરના નવા ગુરુદ્વારાની સામે જાહેર શૌચાલય પાછળથી ચોરી કરેલા બે મોટરસાયકલ સાથે એક ઈસમને લોકલ ક્રાઈમ બ્રાન્ચે ઝડપી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

આ બનાવની જાણવા મળતી વિગત મુજબ ભાવનગર, લોકલ ક્રાઈમ બ્રાન્ચના સ્ટાફ ભાવનગર શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતાં.તે દરમિયાન બાતમી મળેલ કે,ભાવનગર,નવા ગુરુદ્વારાની સામે જાહેર શૌચાલય પાછળ બે નંબર પ્લેટ વગરના મોટરસાયકલ સાથે ઉભેલ છે. જે બાતમી આધારે બાતમીવાળી જગ્યાએ દરોડા કરી વિજય વિક્રમભાઈ રાઠોડ (ઉ.વ.૪૦ રહે. તુષારભાઈ મહારાજના મકાનમાં ભાડેથી, હર ભોલે ફરસાણની પાછળ, ભાવનગર મુળ-લાઠીદડ તા.જી.બોટાદ)ને પકડી સાથે રહેલા બે મોટરસાયકલ અંગે પૂછપરછ કરતાં આજથી વીસેક દિવસ પહેલા સીદસર ગામ ભોળાનાથના મંદિર પાસેથી તથા આજથી ત્રણેક દિવસ પહેલા બપોરના સમયે તળાજા જકાતનાકા ખોડીયાર મંડપ પાસે સીદસર રોડ ઉપરથી ચોરી કરેલ હોવાની કબૂલાત કરતા લોકલ ક્રાઈમ બ્રાન્ચે વિજય વિક્રમભાઈ રાઠોડને બે મોટરસાયકલ મળી કુલ રૂ.૮૦,૦૦૦ ના મુદ્દામાલ સાથે ધરપકડ કરી નિલમબાગ પોલીસ સ્ટેશન સોંપી આપવામાં આવ્યો હતો.અને આ અંગે વરતેજ પોલીસ સ્ટેશનને પણ જાણ કરવામાં આવેલ છે.

મહિલા સરપંચના સમર્થક અને વિરોધી સભ્યો સામસામે આવી ગયા

ગામના પ્રશ્નો એકબાજુ રહી જતાં મદનપુરની ગ્રામસભામાં હોબાળો

ગામ આખું ભાજપાનું સમર્થક, તાલુકા- જિલ્લાના ચૂંટાયેલા આગેવાનો ગામના તો'ય ગામમાં તૂટેલા રસ્તાઓ, ઉભરાતી ગટરા

● ભુજ, તા.૨

નવી પંચાયત બની ત્યારથી સતત વિવાદમાં રહેલ આ સમૃધ્ધ ગામ મદનપુરમાં બોલાવાયેલ ગ્રામસભા શરુ થાય તે પહેલાં જ મહિલા સરપંચ પુનમબેનના સમર્થક અને વિરોધી સભ્યોના બે પક્ષો ભ્રષ્ટાચાર અને મનમાની કરવાના પરસ્પર આક્ષેપો સાથે રીતસર સામસામે આવી જતાં વાતાવરણ બહુ જ ઊગ્ર બની ગયુ હતું અને અગાઉથી બોલાવી લેવાયેલ પોલીસે વધુ પડતી કડકાઈ વાપરીને હવે ગ્રામસભા નહીં થાય એવી પોતાની રીતે જાહેરાત કરીને બળજબરીથી લોકોને પંચાયત બહાર કાઢવાનો પ્રયાસ કરતાં ગટર, પાણી, રસ્તા, લાઈટ અને સફાઈ જેવા પ્રશ્નોની રજૂઆત કરવા આવેલાં અનેક લોકો વધુ ઉશ્કેરાઈ ગયાં હતાં.

વાતાવરણ થોડું શાંત થતાં સરપંચે સૌને બેસાડીને સભાનો પ્રારંભ કરાવતાં મહિલા તલાટીના મતે ઘર ઘર શૌચાલય, સંવિધાન દિવસ અને બાળ વિવાહ નિર્મુલન ના ઉપરથી આવેલ ત્રણ મુદ્દાના એજન્ડાની જ ગ્રામસભા હોવાનું કહી સભાને પુરી જાહેર કરવાનો પ્રયત્ન થતાં પાણી વિતરણની વ્યવસ્થા ખોરવાતાં છેલ્લા દોઢ મહિનાથી મંગાવવા પડતાં પાણીના મોંઘાં ટેંકર સહિત લાંબા સમયથી સતાવતા પોતાના અનેક પ્રશ્નોની રજૂઆત કરવા આવેલ અસંખ્ય મહિલાઓ ફરી ઉશ્કેરાઈ જતાં સમજુ લોકોએ સૌને શાંત કરીને તલાટીને ગામના પ્રશ્નો સાંભળવાની રજૂઆત કરતાં સભાનું કામ આગળ ચાલી હતી અને સરપંચ સમર્થક બે મહિલા સભ્યો સીવાય બધા જ સભ્યોની ગેરહાજરીમાં આગળ વધેલ કાર્યવાહીમાં અંગત કારણોસર મહિલા સરપંચને ગેરહાજર સભ્યોનો કોઈ જ સહકાર ન મળતો હોવાની વાત સાથે પંચાયત દ્વારા થયેલ કામોનાં અનેક બિલોના ચુકવણાં અટકેલાં હોવાનું અને નવા કામો અને કર્મચારીઓના પગાર ચુકવવા પૈસા ન હોવાનું કહેતાં આ બાબતે તલાટીને પોતાની સત્તા વાપરીને યોગ્ય કરવાનું કહેવામાં આવ્યું હતું અને આ વિષયે બધા જ સભ્યોની હાજરીમાં વધુ એક ગ્રામસભા બોલાવીને પરસ્પરના અંગત વિવાદો છોડીને ગામને કનડતી સમસ્યાઓ ઉકેલીને ગામને વિકાસના પાટે ચડાવવા સુચનો કરાયાં હતાં.

સંપૂર્ણ ગામ સત્તાધારી ભાજપાનું સમર્થક, પંચાયતના સરપંચ અને બધા સભ્યો પણ ભાજપા સમર્થક, તાલુકા પંચાયત પ્રમુખ આ ગામમાંથી ચુંટાયેલ, જીલ્લા પંચાયત ઉપપ્રમુખ પણ આ ગામના. આટલું બધું અનુકૂળ વાતાવરણ હોવા છતાં છેલ્લા ત્રણ વર્ષથી તુટેલા રસ્તા, ઉભરાતી ગટરો, લાઈટના પ્રશ્નો અને પંચાયતમાં સામાન્ય દાખલા કાઢવામાં પણ લોકોના ચપ્પલ ઘસાઈ જાય એવી કઢંગી હાલતમાં લોકો જીવી રહ્યાં છે ત્યારે દરેક ચુંટણીમાં ખોબે ખોબા નહીં પણ સુંડલા ભરીને મત ઠાલવતાં આ ગામની આવી કફોડી હાલતની સૌને જાણ હોવા છતાં ઉપરના સૌ ચુંટાયેલા પ્રતિનિધિઓ અને સંગઠનના પદાધિકારીઓ કેમ કોઈ ઉકેલ નથી લાવતા એ પ્રશ્ન અનેક ગ્રામજનોને સતાવી રહ્યો છે અને જો કોઈ ઉકેલ નહીં આવે તો આવનારી કોઈ પણ ચૂંટણીમાં આ નારાજગી વિસ્ફોટ સાથે બહાર આવવાનો પણ ગણગણાટ થઈ રહ્યો છે.

આર્થિક નબળી સ્થિતિને લીધે ફીના પૈસા ન હોવાથી નર્સિંગના વિદ્યાર્થીનો આપઘાત

● અમરેલી, તા.૨

અમરેલી જિલ્લાના વડિયા તાલુકાના અમરાપુર ગામના એક નર્સિંગના વિદ્યાર્થીએ તેમજ જસદણના ગોખલાણા ગામના એક દરજીકામ કરતા યુવાને આથક મુશ્કેલીમાં આપઘાત કરી લીધેલ હોવાનું પોલીસમાં જાહેર થયેલ હતું.

વડિયા તાલુકાના અમરાપુર ગામે રહેતો રવી ગોબરભાઈ ચૌહાણ (ઉ.વ.૧૯) નામનો યુવાન નર્સિંગના બીજા વર્ષમાં અભ્યાસ કરતો હતો.પરંતુ પરિવારની આર્થિક સ્થિતિ નબળી હોવાના કારણે કોલેજની ફી ભરવાના પૈસાની તંગી ના કારણે ઝેરી દવા પી આપઘાત કરી લીધાનું ગોબરભાઈ મંગાભાઈ ચૌહાણે વડીયા પોલીસમાં જાહેર કરેલ હતું.બીજી ઘટનામા જસદણ તાલુકાના ગોખલાણા ગામના રહીશ અને બાબરાના કલોરાણા ગામે દરજીકામ કરતા હિંમત ભીખાભાઈ બેરાણી (ઉ.વ.૨૨) નામના યુવાનને છેલ્લા બે વર્ષથી દરજી કામનો ધંધો ચાલતો ન હોવાના કારણે મુંજાઈ જઈ દુકાનની બાજુમાં આવેલ પડતર મકાનમાં દોરી વડે ગળાફાંસો ખાઈ આપઘાત કરી લીધાનું મુકેશ ભીખાભાઈ બેરાણીએ બાબરા પોલીસમાં જાહેર કરેલ હતું.

જાહેરમાં આત્મહત્યાના પ્રયાસની ઘટનાથી ચકચાર

સાવરકુંડલાની એડિ. સેસન્સ કોર્ટમાં અપીલકર્તાએ ઝેરી દવા ગટગટાવી

● અમરેલી, તા.૨

સાવરકુંડલાની એડિ. સેસન્સ કોર્ટમાં એક અપીલકર્તાએ આત્મહત્યા કરવાની ધમકી સાથે પોતાના ખિસ્સામાંથી બોટલ કાઢી ઝેરી દવા પી આપઘાતનો પ્રયાસ કરતા ચકચાર સાથે દોડધામ મચી ગઈ હતી.

પ્રાપ્ત માહિતી પ્રમાણે સાવરકુંડલાની એડિ. સેસન્સ કોર્ટમાં ક્રીમી. અપીલ કેસને લઈને અપીલ કરનાર મનસુખભાઈ નાનુભાઈ વાઘમશીને વકીલ બાબતે કોર્ટ દ્વારા પૂછવામાં આવતા તેણે કહેલ કે મારી પાસે વકીલ રોકવા માટે પૈસા નથી અને મને ન્યાય જોઈએ છે ત્યારે આ વાત સાંભળીને કોર્ટ દ્વારા કોર્ટના આસિસ્ટન્ટ જે.વી. બુધેલ કે જે લીગલ એઈડનું કામ સંભાળે છે તેમને બોલાવી લીગલ એઈડ ઓથોરિટી એક્ટની માગણી કરી અને જેથી ખ્યાલ આવી શકે કે અપીલ કરનાર મૂળ ફરિયાદીને ડીએલએસએમાંથી વકીલ આપી શકાય કે નહિ. આ દરમિયાન મનસુખભાઈએ કોર્ટ રૂમમાં અંદર આત્મહત્યા કરવાની ધમકી આપી પોતાના ખિસ્સામાંથી બોટલ કાઢી તેમાં ભરેલ ઝેરી દવા પી આપઘાતનો પ્રયાસ કર્યો હતો.

આ બનાવને લઈને ભુપેશભાઈ રસિકલાલ સવાણી કોર્ટના બેન્ચ ક્લાર્ક દ્વારા મનસુખભાઈ વાઘમશી (રહે. ખોડીયાણા) વિરૂધ્ધમાં રાજ્ય સેવકને તેની સત્તાવાર ફરજનો ઉપયોગ કરવા કે ઉપયોગ કરતાં અટકાવવાના ઈરાદે આપઘાતનો પ્રયાસ કર્યો હોવાની સાવરકુંડલા ટાઉન પોલીસ મથક ખાતે જાણ કરી હતી.

કોઠારીયા મેઈન રોડ વિસ્તારમાં

કોંગ્રેસના આગેવાનો ભાજમાં જોડતા કોંગ્રેસે ચાર આગેવાનો ને કર્યા સસ્પેન્ડ

માઈનોરીટી ડિપાર્ટમેન્ટ નાં ઈમ્તિયાઝ કાદરી એ AICC દિલ્હી ખાતે પોતાનું રાજીનામું મોકલ્યું હતું

● રાજપીપળા : તા. ૨

આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ આવી રહી છે. ત્યારે તમામ પાર્ટીઓ આ ચૂંટણી ની તૈયારીઓ માં લાગી ગઈ છે. એ પહેલા કેટલીક ગ્રામપંચાયતો ની ટર્મ પૂરી થતી હોય તેની ચૂંટણી આવશે જેથી રાજકીય પાર્ટીઓ સંગઠન મજબૂત કરવા બેઠકોનો દોર શરૂ કર્યો જેમાં પાર્ટી વિરોધી કાર્ય કર્યું હોય કે અન્ય પાર્ટીમાં જોડાયા હોય તેવા કાર્યકરો ને સસ્પેન્ડ પણ કરવામાં આવી રહ્યા છે. નર્મદા જિલ્લા કોંગ્રેસ પાર્ટીમાં હોદ્દા ધરાવતા અને પાર્ટીના સભ્ય એવા ૪ હોદ્દેદારોને કોંગ્રેસ પાર્ટી એ સસ્પેન્ડ કર્યા છે. અને બાકીની યાદી હજુ આવશે. હાલમાં માઈનોરીરી સેલ નાં પ્રદેશના કાર્યકારી અધ્યક્ષ ઈમ્તિયાઝ અલી કાદરી ભાજપ માં જોડતા પાર્ટી વિરુદ્ધ ગયા હોય તેમને ગુજરાત કોંગ્રેસ પાર્ટી દ્વારા સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. જોકે તેઓ જ્યારે ભાજપ માં જોડાયા ત્યારબાદ ૧૯ માર્ચ ૨૪ નાં રોજ **AICC** દિલ્હી માઈનોરીટી ડિપાર્ટમેન્ટ માં પોતાનું રાજીનામું આપી દીધું હતું.જોકે પ્રદેશ કક્ષાએ થી હાલ એક્શન લેવાયા છે. જ્યારે તેમના દીકરી શાહિનુર શાહરૂખખાન પઠાણ કે જે કોંગ્રેસ પક્ષ માંથી રાજપીપળા નગરપાલિકા નાં સદસ્ય છે. તેઓ પણ ભાજપ માં જોડાતા તેમને પણ કોંગ્રેસ પક્ષ માંથી સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.આ સાથે જિલ્લા પંચાયતના સભ્ય ભગવતીબેન હરેશ ભાઈ તડવી કોંગ્રેસના સભ્ય હોવા છતાં ભાજપ માં જોડાયા તેમને પણ પાર્ટી માંથી સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. રાજપીપળા શહેર પ્રમુખ મિતેશ ભરતભાઈ પટેલ પણ ભાજપ માં જોડાતા તેમને પણ સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. આમ પ્રદેશ કોંગ્રેસ અધ્યક્ષ શક્તિસિંહ ગોહિલ ની સૂચનાથી સિસ્ત સમિતિના બાબુભાઈ પટેલ દ્વારા સસ્પેન્ડ લેટર જાહેર કરવામાં આવ્યા છે.

ચોખ્ખા પાણીમાં થતા અને દિવસે કરડતા મચ્છરોનો ઉપદ્રવ્ય

કચ્છમાં ગત વર્ષે ૭૭ સામે ચાલુ વર્ષે ડેન્ગ્યુના ત્રણ ગણા ૨૧૭ કેસ

● ભુજ, તા.૨

કચ્છમાં ડેન્ગ્યુના કેસ ગત વર્ષની તુલનાએ ત્રણ ગણા જેટલા વધુ સરકારી દવાખાનાઓમાં નોંધાતાં ચોકી ઉઠેલા જિલ્લાના આરોગ્ય વિભાગ દ્વારા 'એપેડેમિક' થશે તો તેવા ભયના ઓથાર હેઠળ કર્મચારીઓની બેઠકોના દોર યોજી કડક આદેશ અપાઈ રહ્યા છે.વરસાદી પાણીના ભરાવા સાથે મચ્છરોની ઉત્પતિ શરૂ થઈ ગઈ હતી. તેમાં ઉભરાતી ગટરો અને ગંદકીના કારણે મચ્છરો દ્વારા સાદો અને ઝેરી મેલેરીયા ફેલાવતો રહ્યો છે. પણ હવે ચોખ્ખા પાણીમાં થતા અને દિવસે કરડતા એડીસ ઈજીપ્તી મચ્છરોનો ઉપદ્રવ વધતાં ડેન્ગ્યુનો ફેલાવો વધવા લાગ્યો છે.ખાનગી દવાખાનાઓમાં તાવના દર્દીઓની કતારો લાગે છે. પણ તેની બીમારીની વિગતો આરોગ્ય વિભાગને આપવાની હોયે છે તે મોટેભાગે અપાતી ન હોવાથી વાસ્તવિક ચિત્ર સામે આવતું નથી. જો કે સરકારી મોટાથી નાના તમામ દવાખાનાઓની ક્યા પ્રકારનીબીમારીના દર્દીઓ કેટલા આવ્યા તે વિગતો જિલ્લા આરોગ્ય તંત્ર સુધી પહોંચતી હોય છે.જિલ્લામાં ગત વર્ષે ૭૭ ડેન્ગ્યુના કેસ નોંધાયા હતા તેની સામે વર્ષ ૨૦૨૪માં આંક ત્રણ ગણા જેટલો ઉંચકાઈને ૨૧૭ થઈ જતાં ચોંકી ઉઠેલા તંત્ર દ્વારા ડેન્ગ્યુ નાથવા માટે મેલેરીયા વિભાગના કર્મચારીઓને દવા છંટકાવ,પોરાનાશક કામગીરી, લોકોમાં મચ્છરો સામે જાગૃતિ લાવવાના પ્રયાસો વેગવાન બનાવવા તાકીદ કરાઈ રહી છે.

મેડિકલ સારવાર, આગની ઘટના કે કોઈ અણબનાવ વખતે નેટવર્ક નહિ મળતા મોટી મુશ્કેલી

નર્મદા જિલ્લામાં સરકારી જમીનમાં ટાવર ઉભા કરવા છતાં નેટની કનેક્ટિવિટી મળતી નથી

ડિજીટલ ઇન્ડિયા ના નામે લફક્ત સોફ્ટવેર કંપનીઓ અને દૂરસંચાર કંપનીઓનો જ વિકાસ થઈ રહ્યો છે.?

● નર્મદા

નર્મદા જિલ્લા સહિત ગુજરાતના ગ્રામ્ય વિસ્તારોમાં દૂરસંચાર કંપનીઓ એ સરકારી જમીનમાં ટાવર ઉભા કરી દીધા હોવા છતાં નેટની કનેક્ટિવિટી મળતી નથી, સર્વર ચાલતા નથી જિલ્લા કચેરી તાલુકા કચેરીમાં આવી જ પરિસ્થિતિ છે ત્યારે ગ્રામ્ય વિસ્તારોમાં શું હાલત થતી હશે.. ? સરકાર ડિજિટલ ઈન્ડિયા ની વાતો કરે છે પરંતુ નર્મદા જિલ્લા સહિત સમગ્ર રાજ્ય માં સર્વર ની મોટી સમસ્યા લોકો ને સતાવી રહી છે ત્યારે આપણે કઈ સદી માં જઈ રહ્યા છે એ સમજતું નથી જાણે ફક્ત સોફ્ટવેર કંપનીઓ અને દૂરસંચાર કંપનીઓનો જ વિકાસ થઈ રહ્યો છે.? વાત કરીએ નર્મદા જિલ્લાની તો જિલ્લા ના કેટલાય ગામો માં આજે પણ મોબાઈલ નેટવર્ક ના ધાંધિયા છે જેમાં અમુક વિસ્તાર માં તો કોઈ બીમાર દર્દી માટે ૧૦૮ કે કોઈ મોટી ઘટના માં પોલીસ કે ફાયર બોલાવવી પણ નેટવર્ક નહિ મળવાના કારણે ક્યારેક લોકો મુશ્કેલી માં મુકાઈ છે અને સમયસર નહિ પહોંચી વળતા બીમાર દર્દી નું મોત થાય જ્યારે આગ જેવી ઘટના માં બધું સ્વાહા થઈ જવાની ઘટના બને છે. ત્યારે ડિજીટલ ઈન્ડિયા જાણે ફક્ત કાગળ અને જાહેરાતો પર જ હોય એમ જણાય છે.

આરોગ્ય મંત્રી અને ડીડીઓએ આ યુવાનની કામગીરી બિરદાવી તેની પીઠ થાબડી હતી

વિશ્વ એઇડ્સ દિને નર્મદા જિલ્લામાં જાહેર થયેલા એકમાત્ર યુવાનને કાર્યક્રમમાં ભૂલતું તંત્ર

● રાજપીપળા : તા. ૨

તારીખ ૧લી ડિસેમ્બર ના દિને સમગ્ર વિશ્વ માં વિશ્વ એઈડ્સ દિન તરીકે ઉજવણી કરવામાં આવે છે અને સરકારી કચેરી કે સિવિલ હોસ્પિટલ સહિત કેટલીક સંસ્થાઓ દ્વારા આ દિવસે અલગ અલગ કાર્યક્રમો કરી લોકો માં જાગૃતિ લાવવા પ્રયત